**વિષય : ગુજરાતી** **ધોરણ : 6** **સત્ર : 1**

# પ્રકરણ કસોટીની જવાબવહી

## 2. હિંદમાતાને સંબોધન

---

### પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. [ 8 ]

**(1) હિંદમાતા સંતાનોનું પોષણ કેવી રીતે કરે છે ?**

**ઉત્તર :** હિંદમાતા ધરતીમાંથી અનાજ પેદા કરી, નદીઓનાં પાણી આપી, બગીચાઓમાં ફળફૂલ આપી સંતાનોનું પોષણ કરે છે.

**(2) આ કાવ્યમાં કયો ભાવ રજૂ થયો છે ?**

**ઉત્તર :** આ કાવ્યમાં હિંદને 'માતા' તરીકે સંબોધીને એમાં વસનારા જુદા જુદા ધર્મનાં લોકોને તેમના સંતાનો કહી તેમની વચ્ચે રહેલા ભાઈચારાનો ભાવ રજૂ કર્યો છે.

**(3) ભારતમાં કયા કયા ધર્મ પાળતી પ્રજા વસે છે ?**

**ઉત્તર :** ભારતમાં હિન્દુ, મુસલમાન, શીખ, ખ્રિસ્તી, પારસી, જૈન, બૌદ્ધ વગેરે ધર્મ પાળતી પ્રજા વસે છે.

**(4) ભારતભૂમિને કવિ 'માતા' તરીકે કેમ સંબોધે છે?**

**ઉત્તર :** એક માતાની જેમ ભારતમાતા તેમના સૌ સંતાનોનું પોષણ કરે છે, ભેદભાવ વિના સરખો પ્રેમ આપે છે, તેથી ભારતભૂમિને કવિ 'માતા' તરીકે સંબોધે છે.

### પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોનાં વિરુદ્ધાર્થી શબ્દો લખો. [ 4 ]

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **(1)** | જ્ઞાની | × | અજ્ઞાની | **(3)** | તવંગર | × | ગરીબ |
| **(2)** | નીરોગી | × | રોગી | **(4)** | ઉચ્ચ | × | નીચ |

### પ્રશ્ન-3. નીચે આપેલી અધૂરી કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો. [ 4 ]

હિંદુ અને મુસલમાન : વિશ્વાસી, પારસી, જિન :
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !
પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી :
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !

### પ્રશ્ન-4. નીચે આપેલા શબ્દોનાં અર્થ લખો. [ 4 ]

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **(1)** | દેવભૂમિ | - | પવિત્રભૂમિ | **(3)** | બક્ષી | - | આપી |
| **(2)** | જિન | - | જૈન | **(4)** | તવંગર | - | પૈસાદાર |

---